વર્ષ ૨૦૨૦-૨૧ (અનુ.જનજાતિ, ST)

ડીજીટલ ગુજરાત પોર્ટલ, અગત્યનુ

જા.નં./મ.ક/આવિ/શિક્ષણ/૨૦૨૦-૨૧/૫૨૫૯૫૯૦

મદદનીશ કમિશ્નરશ્રીની કચેરી
(આદિજાતી વિકાસ)
૭૨૦ રૂમ નંબર,આઈ બ્લોક
કુબેરભવન,વડોદરા
ફોન નં ૦૨૬૫-૨૪૨૨૨૬૩
તા.૨૭/૦૭/૨૦૨૦

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
[illegible]
[illegible]

વિષય:- ડીજીટલ ગુજરાત પોર્ટલ પર વર્ષ ૨૦૨૦-૨૧ની એસ.ટી(અનુ.જનજાતિ) વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃતી/ગણવેશ સહાય યોજનાના અમલ બાબત. (ધો-૧ થી ૧૦)

સંદભ:-કમિશ્નર આદિજાતિ વિકાસ ગુ.રા ગાંધીનગરનો પત્ર ક્રમાંક:નં.આવિ/શિક્ષણ/ફા,નં.૧૧૭૨/૨૦૨૦-૨૧/૬૦૨ થી ૬૧૯ તા.૨૩/૦૭/૨૦૨૦ અન્વયે,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે,રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતી સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરી છેલ્લા ત્રણ નાંણાકીય વર્ષથી સદરહું પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે.

Digital Gujarat Portalમાં હાલ આદિજાતિ વિકાસ ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિ-મેટ્રીક શિષ્યવૃતી/ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિ-મેટ્રીક શિષ્યવૃતી/ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાઓનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો. તે જ રીતે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં અમલ કરવાનો રહેશે. શાળાઓની ખરાઈ કરેલી દરખાસ્તો મોડામાં મોડી તા.૧૫/૦૯/૨૦૨૦ સુધીમાં ઓનલાઈન ફોરવર્ડ કરવાની રહેશે. જે પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦માં કોઈ વિદ્યાર્થીઓની શિષ્યવૃતીની એંટ્રી કરવાની કે દરખાસ્ત મોકલવાની બાકી રહી ગયેલ હોય તેવી શાળા વર્ષ ૨૦૧૯-૨૦ના લોગીનમાં એંટ્રી કરી બેંક વેરીફીકેશન બાદ પ્રપોઝલ મોકલી શકશે. આ કામગીરી તા. ૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે

E:\Hardiksinh is file\Others\letter all.docx

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર ૧૭૩૫
તારીખ ૩૦.૦૭.૨૦૨૦
સહી...
કચેરીની સહી...

Scanned by CamScanner

- **શાળાઓએ ઓનલાઈન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવનાં મુદ્દા:-**
- ઓનલાઈન દરખાસ્ત http://www.digitalgujarat.gov.in મારફતે કરવાની રહેશે. નવા વર્ષનું તમામ કામ Financial Year (નાણાંકીય વર્ષ) ૨૦૨૦-૨૧માં કરવાનું રહેશે.

1) પોર્ટલ મારફત તમામ પાત્રતા ધરાવતી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓએ ઓનલાઈન દરખાસ્ત કરવાની હોવાથી આવી તમામ શાળાઓને અગાઉના વર્ષમાં આપવામાં આવેલ ID/PASSWORD ના આધારે વર્ષ ૨૦૨૦-૨૧ના લોગીનમાં કામગીરી કરવાની રહેશે જો કોઈ શાળાને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ " FORGET PASSWORD" Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઈ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE CODE તેઓનો યુઝર આઈ.ડી અને By Default પાસવર્ડ Abcd@123 રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.
2) જો કોઈ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળાઓ માં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓની એંટ્રી ફરજીયાત Delete(ડીલીટ) કરવાની રહેશે.
3) ગત વર્ષે એંટ્રી કરેલ તમામ વિદ્યાર્થીઓની માહિતી વર્ષ ૨૦૨૦-૨૧માં તેઓનુ ધોરણ ૧ વર્ષ Promote કરીને મુકવામાં આવેલ છે. જેથી શાળાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એંટ્રી ફરી કરવાની રહેતી નથી. પરંતુ જે વિદ્યાર્થીઓની ગતવર્ષે એંટ્રીમાં ભુલો/ક્ષતિ થયેલી/રહેલી છે. તે Edit કરીને તેને સુધારી લેવાની રહેશે. જે વિદ્યાર્થીને શિષ્યવૃતીનુ ચુકવણુ થયેલ નથી. તેનો બેંક એકાઉન્ટ ફરીથી ફરજીયાત નાખવાનો રહેશે.
4) દરેક વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર સાચો નાખવામાં આવે. કેટલીક શાળાઓમાં આચાર્યશ્રી દ્વારા બહારથી આઉટ સોર્સીંગથી ડેટા એન્ટ્રી કરાવેલ છે તેઓ દ્વારા બેંક એકાઉન્ટ નંબર "જીરો"(0) નાખવામાં આવેલ છે. જેના કારણે ખોટા ખાતામાં રૂપિયા જમા થઈ શકે છે. માટે શાળાના આચાર્યશ્રીએ ડેટા એંટ્રી શાળામાં જ કરાવવી. ડેટા એન્ટ્રી કર્યાબાદ આચાર્યશ્રીએ બેંક ને લગતી તમામ માહિતી ફરીથી ચકાસવી. અને ત્યારબાદ જ તેને આગળ મોકલવી.
5) આચાર્યશ્રી ધ્વારા વિદ્યાર્થીના માતા/પિતા/વાલી પાસેથી વિદ્યાર્થીના બેંક એકાઉન્ટ અને આધાર નંબર શિષ્યવૃતી માટે ઉપયોગ કરી શકે છે તે માટે શિષ્યવૃતી યોજનાનો લાભ લેવા માટે ઉપયોગ કરી શકે તે માટે તેઓ સંમત છે તે પ્રકારનું સંમતીપત્રક લેવાનું રહેશે. તે મુજબનો રેકોર્ડ શાળા ખાતે રાખવામાં રહેશે.
6) ડેટા એંટ્રી કરવામાં વિદ્યાર્થી કુમાર છે કે કન્યા છે તે ખાસ ચેક કરવું.તેમાં રકમનો ફેરફાર હોઈ તેમાં ભુલ ન થાય તે ધ્યાને રાખવું.
7) વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ મુજબ નામમાં જે મુજબનું નામ પાસબુકમાં હોય તે મુજબની જ એંટ્રી કરવી. જેમ કે શાળાના રેકર્ડ ઉપર "Heena" છે અને બેંક પાસબુકમાં "Hina" છે તો "Hina" એંટ્રી કરવી. તેવી જ રીતે "Bhai" અને "Kumar", "Sinh" અને "Singh" માં ભુલોની શક્યતા છે ખાસ ચેક કરવું.
8) કેટલીક બેન્ક એકાઉન્ટ નંબર(0)થી શરૂ થાય છે.આવા નંબર આગળ જીરો(0) લખવુ ફરજિયાત છે.
9) જિલ્લાની તમામ પાત્રતા ધરાવતી પ્રાથમિક શાળા, માધ્યામિક શાળા, તથા ગ્રા.ઈ.એ આશ્રમશાળાઓ, તથા ખાનગી શાળાઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન દરખાસ્ત કરે જેથી શિષ્યવૃતીને લાયક વિદ્યાર્થીઓ લાભથી વંચિત રહી ન જાય તે જોવાની કામગીરી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.
10) વિદ્યાર્થીઓ મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના હોવા જોઈએ. અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવુતી યોજનાનો લાભ લેવાનો રહે છે.

E:\Hardiksinh is file\Others\letter all.docx

Scanned by CamScanner

11) ઉક્ત શિષ્યવૃતી યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.

12) તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઈએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.

13) અમાન્ય શાળાઓએ શિષ્યવૃતીની દરખસ્ત કરવી નહિ અને તેમ છતાં જો શિષ્યાવૃતીની દરખાસ્ત કરવામાં આવશે. તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવશે.

14) ધોરણ ૯ અને ૧૦માં ૨૫૦ લાખથી ઓછી આવક ધરાવતી યોજનામાં માટે આધાર કાર્ડ હોવુ ફરજીયાત છે. તથા આવકનો તથા જાતિનો દાખલો સ્કેન કરી પોર્ટલ પર અપલોડ કરવાનુ રહેશે. (જાતિનો દાખલો વિદ્યાર્થીઓનો હોવો જરૂરી છે.) સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ યોજનામાં ધોરણ ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનો જ જાતિનો દાખલો સ્કેન કરી પોર્ટલ પર અપલોડ કરવો

15) સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ યોજનામાં ધોરણ ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનો જ જાતિનો દાખલો સ્કેન કરી પોર્ટલ પર અપલોડ કરવો

16) જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા/વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહિ જે તે શાળા એ કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઈ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી તમામ કામગીરી જે તે શાળાએ કરવાની રહેશે.

17) જે તે શાળા એ વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવી ને Students Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી કોઈ વિદ્યાર્થીઓનું બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા/વાલીનુ બેન્ક ખાતાની વિગતો Students Entry કરતી વખતે નાખવાની રહેશે. ( પિતા/વાલીનુ બેંક એકાઉન્ટ વધુંમા વધુ ૩ (ત્રણ) વિદ્યાર્થીઓની એંટ્રીમાં જ નાખી શકાશે.)

18) જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઈંડીયન પોસ્ટલ બેંક માં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીઓની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેન્ક માં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીઓની એન્ટ્રી પોર્ટલ પર અપડેટ કરવાની રહેશે.

19) જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધારે હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી તાત્કાલિક બેંક ખાતુ ખોલાવવા અંગેની કાર્યવાહિ જે તે શાળાએ કરવાની રહેશે.

20) ઓનલાઈન દરખાસ્ત હાયર ઓથોરીટી ને મોકલ્યા બાદ જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા / IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેની વિગતો જે તે આચાર્યશ્રીએ શાળાના લોગીનમાં જઈને Utility → Update Payment Failed Student Account મેનુ માંથી સુધારવાની રહેશે અને હાયર ઓથોરીટીને સેંન્ડ કરવાની રહેશે. ( જે વિદ્યાર્થીઓના ખાતા Dormant / Freeze / Inactive થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના ખાતા સંબંધિત બેંકનો સંપર્ક કરી Active કરાવવાના રહેશે.) જો ખાતા Active કરાવ્યા વગર ફરી હાયર ઓથોરીટી ને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઈન પેમેન્ટ થઈ શકશે નહિ.તેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.



Scanned by CamScanner

21) કોવીડ-૧૯ માહામારીને ધ્યાને રાખીને સરકારશ્રી દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતી ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

22) કોવીડ-૧૯ માહામારીને ધ્યાને રાખીને હાલમાં ઓફલાઈન દરખાસ્ત મોકલવાની રહેશે નહી. આચાર્યશ્રીએ તેના રેકોર્ડમાં રાખવાની રહેશે. જે અંગેની સૂચના પછી આપવામાં આવશે.

23) તાજેતરમાં કેટલીક બેંન્કો મર્જ થયેલ છે જેમકે દેના બેંક, વિજ્યા બેંકનુ બેંક ઓફ બરોડા તથા દેના ગુજરાત ગ્રામીણ બેંકનુ બરોડા ગુજરાત ગ્રામીણ બેંક માં મર્જ થયેલ છે જો તેમાં IFSC Code કે BANK ACCOUNT NO. કે ફક્ત કોઈ એક ચેંજ થયેલ હોય તો તે અંગેનું ધ્યાન રાખવાનું રહેશે.

બિડાણઃ- "અ" પત્રક

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
વડોદરા

<u>નકલ રવાના:-</u>

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી..

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જીલ્લા પંચાયત વડોદરા

આપના તાબા હેઠળની તમામ શાળાનાં આચાર્યશ્રીઓને પરિપત્રમાં જણાવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને જરૂરી સમયમર્યાદામાં કાર્યવાહિ કરવા આપની કક્ષાએથી સુચનાઓ આપવાની ખાસ વિનંતી.
**( આપની ઓનલાઈન વેબસાઇટ પર પ્રકાશિત કરીને જાણ કરવા વિનંતી)**

(૩) તાલુકા પ્રાથમિક શિક્ષનાધિકારીશ્રી તમામ.....

આપના તાબા હેઠળની તમામ શાળાનાં આચાર્યશ્રીઓને પરિપત્રમાં જણાવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવામાં આવે અને જરૂરી સમયમર્યાદામાં કાર્યવાહિ કરવા આપની કક્ષાએથી સુચનાઓ આપવાની ખાસ વિનંતી.
( આપની ઓનલાઈન વેબસાઈટ પર પ્રકાશિત કરીને જાણ કરવા વિનંતી)

**નકલ સવિનય રવાના (જાણ અર્થે)**

(૧) કમિશ્નર સાહેબશ્રી આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર

(૨) કલેક્ટર સાહેબશ્રી વડોદરા

**(૩) જીલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રી વડોદરા**

E:\Hardiksinh is file\Others\letter all.docx

**ક્રમાંક/[redacted]/જા.નં./18-33**
**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી**
**વડોદરા. તા.30/09/2020**

ર/મળેલ નિયમ મુજબ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તમામ
જિ. વડોદરા.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**વડોદરા.**

Scanned by CamScanner

વર્ષ ૨૦૨૦-૨૧માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)

કમિશ્નરશ્રી , આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | VKY-153 VKY-1 PreMatric Scholarship For ST Student (Std: 1 to 8) | ST (અનુસૂચિત જનજાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ- આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૭૫૦/- | | |
| ૨ | VKY-153 VKY -1 Most Backward Class Scholarship For ST Students (Std: 1 to 8) | ST (માત્ર અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ- આશ્રમશાળાઓ |
| 3 | VKY-159 VKY-1 Uniform Assistance | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૬૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, ખાનગી અનુદાનીત સરકાર માન્ય તમામ પ્રાથમિક શાળાઓ – આશ્રમશાળાઓ |
| ૪ | VKY-153 VKY-1 PreMatric Scholarship For ST Student (Std: 9 to 10) | ST (અનુસૂચિત જનજાતિ) | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | ૨.૫૦ લાખથી વધુ આવક | સરકાર માન્ય તમામ સરકારી-ખાનગી શાળાઓ / અનુદાનિત માધ્યમિક શાળાઓ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |
| ૫ | VKY-153 VKY-1 Most Backward Class Scholarship For ST Students (Std: 9 to 10) | ST (માત્ર અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦ /- | ૨.૫૦ લાખથી વધુ આવક | સરકાર માન્ય તમામ સરકારી-ખાનગી શાળાઓ / અનુદાનિત માધ્યમિક શાળાઓ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |
| ૬ | VKY-2 Umbrell scheme of pre matric scholarship for 9 & 10 th ST Student | ST (અનુસૂચિત જન જાતિ) | ધો ૯ અને ૧૦ | કુમાર/ કન્યા | હોસ્ટેલર – ૬૨૫૦ ડેસ્કોલર- 3000 | ૨.૫૦ લાખથી ઓછી આવક | સરકાર માન્ય તમામ સરકારી, ખાનગી. અનુદાનીત માધ્યમિક શાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ |

Scanned with CamScanner

Scanned by CamScanner